**ક્રિમીનલ કેસ નંબર: 2949/2024**

**આંક–૧ હેઠળ હુકમ**

– આ કામે આરોપીઓ સામે ત.ક.અમલદારે જુગાર ધારા કલમ– ૧૨ મુજબનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

– મજકુર કામે આજરોજ આ કામના આરોપીઓ હાજર થઈ કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે તેમજ તેઓએ રજુઆત કરેલ છે કે તેઓ પોતે ગરીબ વર્ગના છે અને કુટુબની જવાબદારી તેમના શીરે કાયદા પ્રત્યે માન છે અજાણતા મજકુર ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભષ્વિયમા આવા કોઈ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપીઓનુ નિવેદન લેતા તેની કબુલાત સ્વૈચ્છિક હોવાનુ તથા તેને કોઈ લાલચ કે પ્રલોભન કોઈએ આપેલ નહી હોવાનું તથા તેને કોઈ લાલચ કે પ્રલોભન કોઈએ આપેલ નહી હોવાનું જણાઈ આવે છે આરોપીઓને ગુનાની સજાની જોગવાઈઓ બાબતે માહીતગાર કરવામા આવેલ હોવા છતાં પોતે સ્વૈચ્છીક કબુલાત કરતો હોવાનુ જણાઈ આવતુ હોય હાલની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. આ કામે આરોપીઓ રોજ કોર્ટ રૂબરૂ હાજર રહી ગુન્હાની સ્વૈચ્છીક કબુલાત કરેલી છે. આરોપીઓની રજુઆત તેની સામાજીક અને આર્થિક સ્થિતી અને સંજોગો મા ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકતો ધ્યાને લેતા આરોપીઓને ઓછામા ઓછી સજા કરવા માટેનો યોગ્ય હોવાનુ જણાય છે અને નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આપવામા આવેલ ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરીચન્દ્ર ઠાકોરના પ્રકાશીત થયેલ છે તે ધ્ય)ને લેતાં આરોપીને આવા કિસ્સામાં ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોય આરોપીઓની કબુલાતને ધ્યાને લઈ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છુ.

**–:: હુકમ ::–**

આ કામના **આરોપી નં. (૧) નેનકાજી બુધાજી ઠાકોર (૨) અમરસિંહ પસાજી ઠાકોર (૩) રાકેશ રમેશજી ઠાકોર (૪) ભલાજી સકરાજી ઠાકોર**નાઓને ક્રિ.પ્રો.કો.કલમ–૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવી જુગાર ધારાની કલમ–૧૨ મુજબના ગુનામાં કામે પ્રત્યેક આરોપી દીઠ **રૂા. ૧૫૦/–** એટલે કે **કુલ દંડ રૂા. ૬૦૦/–(અંકે રૂપીયા છસો પુરા)**નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા અને જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો તે બદલ આરોપીને દિન–૭ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવવામા આવે છે.

વેલ્યુએબલ મુદામાલ અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ કાયમ ગણવો અને નોન વેલ્યુએબલ મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો તથા રોકડ રકમ નાણા સરકાર ખાતે ખાલસા કરવામાં આવે છે.

આજ તા. ૧૪મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૪ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સાણંદ
તા.૧૪/૦૯/૨૦૨૪

**(આર.બી.જોષી)**
**એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,**
**સાણંદ**